A SYNOPSIS OF

THE THESIS TO BE SUBMITTED

FOR Ph.D DEGREE IN GUJARATI AT M.S.UNIVERSITY OF

VADODARA

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં

ગુજરાતી વિષયમાં પી.એચ.ડી.ની પદવી માટે રજૂ થનાર

શોધનિબંધની રૂપરેખા

# **'FUNCTIONS OF MOTIFS IN AAKHYANS WRITTEN BY PREMAND - A CRITICAL STUDY'**

## **'પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકોની કાર્યસાધકતા-એક સમીક્ષાત્મક અભ્યાસ'**


GUIDE

**Dr. RAJESH PANDYA**

PROFESSOR IN GUJARATI

M. S. UNIVERSITY, VADODARA

PRESENTED BY

**HEMANT PARMAR**

માર્ગદર્શક

**ડૉ. રાજેશ પંડ્યા**

પ્રોફેસર, ગુજરાતી વિભાગ

એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા

રજૂ કરનાર

**હેમંત આર. પરમાર**

મધ્યકાલીન ગુજરાતી કથા સાહિત્યમાં વિવિધ સ્વરૂપોની સુદીર્ઘ પરંપરા છે. જેમાં રાસ, પ્રબંધ, પવાડો, પદ્યવાર્તા, આખ્યાન જેવાં કથાનત્મક સ્વરૂપો છે. જેમાં વિધવિધ કથાનક આલેખન પામ્યા છે. આ કથાઓનાં બંધારણને ઘડવામાં 'કથાઘટકો'(Motifs) મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

કથાઘટક જે તે કૃતિમાં અનિવાર્યપણે સ્વતંત્ર રીતે જોડાયેલાં હોય છે. કથાઘટક જે તે કથાને ઘડે છે અને કથાવિકાસમાં ચાવીરૂપ ભાગ ભજવે છે. કથાઘટકો જુદી-જુદી કથાઓનું ચાલકબળ બની રહે છે. જે તે કથાઘટકને માનવસમુદાય વર્ષોપર્યન્ત સ્મૃતિમાં સાચવી રાખે છે.

પ્રેમાનંદની આખ્યાનકૃતિઓનો અભ્યાસ કરતા માલૂમ થાય છે કે આ કથાઓમાં ઘણાં કથાઘટકો પ્રયોજાયાં છે. આપણે ત્યાં લોકકથાઓ અને મધ્યકાલીન પદ્યવાર્તાઓનાં કથાઘટકોનાં અભ્યાસો થતાં રહ્યાં છે. પ્રસ્તુત શોધ નિબંધમાં 'પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકોની કાર્યસાધકતા-એક સમીક્ષાત્મક અભ્યાસ' એ વિષય પર સંશોધન કરવાનું નક્કી કર્યુ છે. સમગ્ર અભ્યાસને આ રીતે વિભાજીત કરવામાં આવ્યો છે :

પ્રકરણ : એક

પ્રથમ પ્રકરણ મોટીફ : સંજ્ઞા, વિભાવના, પાશ્ચાત્યસાહિત્યમાં થયેલું મોટીફનું કાર્ય, હિન્દી અને ગુજરાતી સાહિત્યમાં થયેલ મોટીફની વિચારણા અને અભ્યાસ, મોટીફનું કથામાં કાર્ય (Function) શું હોય છે? વગેરે વિશેની ચર્ચા વિચારણા કરી છે. Motif શબ્દ મૂળ લેટિન ભાષાનો છે. ત્યાંથી એ શબ્દ લો લેટિન અને ઇટાલિયન, ફ્રેન્ચ થઈને અંગ્રેજીમાં ઉતરી આવ્યો. લેટિન ભાષામાં move ના અર્થમાં mover કે motum જેવાં શબ્દો પ્રચલિત છે. આ સંજ્ઞા અંગ્રેજીમાં motive, incentive, fact, underplaying, incentive cause વગેરે અર્થચ્છાયાઓ પ્રગટ કરે છે. ગુજરાતી સાહિત્યમાં વિદ્વાનોએ મોટીફ માટે જુદા જુદા પર્યાયો આપ્યા છે. જેમાં કથાકરામત, વસ્તુવળું, કાર્ય, પ્રયોજન, કથાઘટક, કથાબીજ, આધારબીજ જેવાં પર્યાયો પ્રયોજ્યાં છે. આ સૌમાં કથાઘટક સંજ્ઞા પ્રચલિત અને સર્વસ્વીકાર્ય બની છે. જેથી સમગ્ર સંશોધનમાં મોટીફ માટે કથાઘટક સંજ્ઞાને સ્વીકારી છે. પ્રથમ પ્રકરણમાં English અને ગુજરાતી Dictionaryમાં મોટીફ સંજ્ઞાની વિવિધ અર્થચ્છાયાઓ તપાસી છે.

ગુજરાતી સાહિત્યમાં કથાઘટક વિશે વિદ્વાનોએ જે વિભાવનાઓ આપી છે તેની ચર્ચા અને છણાવટ કરી છે. આ વિભાવનાઓ પરથી કથાઘટકની લાક્ષણિકતાઓ તારવવાનો પ્રયત્ન પણ કર્યો છે. ઝવેરચંદ મેઘાણીથી લઈને પિનાકીની પંડ્યા સુધી આજ પર્યન્ત કથાઘટક વિશે જે અભ્યાસો થતાં રહ્યાં છે તે વિશે વિગતે વાત કરી છે.

કથાઘટક કથામાં કેવી રીતે મદદરૂપ થાય છે એટલેકે કથામાં કથાઘટકનું કાર્ય શું હોય છે ? એ વિશે 'નાયિકાનો એકાંતવાસ', 'લિંગ પરિવર્તન' અને 'અંધકારે ઓળખ ભુલ' જેવાં કથાઘટકો લઈને કાર્યસાધકતા તપાસી છે. જેમકે 'વેતાલપચીસી'માં ચૌદમી કથામાં 'લિંગપરિવર્તન' નું કથાઘટક આલેખાયું છે. કૌશાંબી નગરીના રાજા સુવિચારને ચંદ્રપ્રભા નામે રાજકુમારી હતી. તે ફૂલ વિણવા વાડીમાં જાય છે. ત્યાં વામન નામનો એક બ્રાહ્મણ હોય છે. રાજકુમારી અને બ્રાહ્મણની એકબીજાની નજર મળતા બન્ને પ્રેમમાં પડે છે. ત્યાંથી રાજકુમારી સખીઓ સાથે મહેલમાં જાય છે. જેથી વામનને રાજકુમારીનો વિરહ થાય છે. ત્યારે મૂળદેવ નામનો એક ઠગી વામનને ગોટિકા આપે છે. ગોટિકા વામન મોંમા રાખે છે, જેથી તે સ્ત્રી બની જાય છે. આ સ્ત્રીને મૂળદેવ રાજા પાસે લઇ જાય છે ને કહે છે કે આ મારી પુત્રવધૂ છે મારો પુત્ર ખોવાઇ ગયો છે, તેને શોધી લાવું ત્યાં સુધી તેને તમારી પાસે રાખો. રાજા વામનરૂપી સ્ત્રીને પોતાની પુત્રીના મહેલમાં રાખે છે. મહેલમાં આવેલી સ્ત્રી મોંમાંથી ગોટિકા કાઢે છે જેથી તે પુરુષ બની જાય છે ને બન્નેનું મિલન થાય છે. આ કથાનકમાં 'લિંગપરિવર્તન' પોતાની ઓળખ છુપાવવાં માટે કરવામાં આવ્યું છે, વળી, 'લિંગપરિવર્તન' ગોટિકા વડે થાય છે. આ રીતે આ કથાઘટક દ્વારા વામન ચંદ્રપ્રભાને મળે છે.

પ્રકરણ : બે

મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં વિવિધ કથાઘટકો આલેખન પામ્યાં છે. અહીં પસંદગીના કથાઘટકોને જુદી-જુદી કથાઓનાં  સંદર્ભે પરિચય આપ્યો છે.

આ પ્રકરણમાં અનુરાગબીજનો ઉદ્દગમ, આળ (ચોરીનું આળ, ડાકણનું આળ, બળાત્કારનું આળ, વ્યભિચારિણિનું આળ) અંધકારે ઓળખભૂલ, કસોટીઓ (ચારિત્ર્ય અંગેની, બુદ્ધિચાતુર્યની, લગ્ન અંગેની, સતીત્વ-શીલની રક્ષા) કૃતજ્ઞ પ્રાણી કે પક્ષી, ગુરુ-શિષ્યનો પ્રણય સંબંધ, ચમત્કારિક પદાર્થ, ચમત્કારિક વિદ્યા, છૂપુંલગ્ન દેહબોલે, દૂતકર્મ, દેશવટો કે ગૃહત્યાગ, દોહદ, નાયિકાનું અપહરણ, નાયિકાનો એકાંતવાસ, પરકાયા પ્રવેશ, પસંદગીના વરની પ્રાપ્તી, પ્રછન્ન શ્રવણ, પ્રભુની ભકતને સહાય, પ્રિયજનનાં મેળાપની યુકિત, પુરુષદ્વેષિણી નાયિકા, પૂર્વભવની સ્મૃતિ, સહાયક થતાં પશુ-પંખી, મૃતસજીવન, મ્હેણાં (ભાભીનું મ્હેણું, પત્નીનું મ્હેણું, ન બાપાનું મ્હેણું) રૂપપરિવર્તન, સંવાદ કરતો ગર્ભ, સ્વપ્ન દર્શન, યુધ્ધે વિઘ્નમુકિત વગેરે કથાઘટકોને પસંદ કર્યા છે.

જેમાં ‘આળ’નાં કથાઘટક વિશે જોઇએ. ‘આળ’ એટલે જુઠ્ઠો આરોપ. એક વ્યકિત પર શંકા કે વહેમના કારણે તેનાં પર આળ મૂકવામાં આવે છે. ક્યારેક પોતાનું કાર્ય સાધવા માટે પણ જે તે વ્યકિત પર આળ મૂકવામાં આવે છે. જે વ્યકિત પર આળ મૂકવામાં આવે છે તેને એ (નાયક-નાયિકા) જુઠ્ઠુ સાબિત કરવાનો પ્રયત્ન કરે છે. ક્યારેક અન્ય વ્યકિતની મદદથી કે પછી અલૌકિક સહાયથી પોતાના પર મૂકાયેલ આળ ખોટું છે એ પુરવાર થતું હોય છે. આળ વિવિધ પ્રકારનાં હોય છે જેમકે ‘ચોરીનું આળ’, ‘ડાકણનું આળ’, ‘બળાત્કારનું આળ’, ‘વ્યભિચારિણીનું આળ’, ‘મૃત્યુનું આળ’.

‘હંસાઉલી’માં ‘બળાત્કારનાં આળ’નું કથાઘટક પ્રયોજાયું છે. ગેડીદડાની રમતમાં હંસના ફટકાથી દડો રાજમહેલમાં જાય છે. જેથી તેની તપાસમાં હંસ અપરમાતા લીલાવતીના મહેલમાં જાય છે. હંસને જોતાં જ લીલાવતી કામાતુર બને છે. કામાતુર બનેલી લીલાવતી હંસને પોતાની સાથે કામભોગ કરવાનું કહે છે. વળી, રાજાને મરાવીને રાજ્યાસન આપવાનું પ્રલોભન આપે છે. હંસ લીલાવતીને ધુત્કારીને દડો લઇ ચાલતો થાય છે. લીલાવતી પોતાનાં વસ્ત્રો ફાડી, શરીરને નખે વલૂરીને રાજા સમક્ષ હંસે પોતાના પર બળાત્કાર કર્યો છે એવું આળ મૂકે છે. જેથી રાજા પ્રધાનને બોલાવી હંસ અને વત્સરાજને મારી નાખવાનો આદેશ આપે છે. આમ, બીજા પ્રકરણમાં કેવળ મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાંનાં કથાઘટકોનો જુદી જુદી કૃતિઓનાં સંદર્ભે પરિચય આપવાનો પ્રયત્ન કર્યો છે.

પ્રકરણ : ત્રણ

પ્રેમાનંદનાં વિવિધ આખ્યાનોમાં પ્રયોજાયેલાં કથાઘટકો કથાસાહિત્યનાં જુદાં-જુદાં કથાનકોમાં પ્રાપ્ત થાય છે. આ વિવિધ કથાઘટકોની મૂલવણી, તારવણી અને સામ્યમૂલક અભ્યાસ કરવાનું મને અહીં અભિપ્રેત છે.

અહીં 'પરકાયા પ્રવેશ'નાં કથાઘટક વિશે જોઇએ. 'પરકાયા પ્રવેશ'નાં આ કથાઘટકમાં એક મનુષ્ય દેહનો આત્મા બીજા મનુષ્ય દેહમાં પ્રવેશ કરે છે. 'પરકાયા પ્રવેશ'નો મુખ્ય ઉદ્દેશ જે તે વ્યકિતના દેહમાં પ્રવેશ કરીને એ વ્યકિતના ચેતનાતંત્ર પર કાબુ મેળવી પોતાની ઇચ્છા પ્રમાણે જે તે વ્યકિત પાસે કાર્ય કરાવવાનો હોય છે.

'પરકાયા પ્રવેશ'નું કથાઘટક પ્રેમાનંદના 'નળાખ્યાન' અને 'અભિમન્યુ આખ્યાન' માં જોવા મળે છે. નળના લગ્ન દમયંતી સાથે થાય છે. દમયંતીને સ્વયંવરમાં વરવા કળિ પણ આવતો હતો. પરંતુ તેને નળની જાન રસ્તામાં મળે છે. જેથી પોતાને દમયંતી ન મળતા તે નળને હેરાન કરવાનું વિચારે છે. એક દિવસ નળના પગની પાણી ધોતાં કોરી રહી જાય છે. જેથી કળિ પગની પાણી દ્વારા નળની કાયામાં પ્રવેશ કરે છે. 'પરકાયા પ્રવેશ' કરેલો કળિ નળને પોતાની ઇચ્છા મુજબ સઘળા કાર્યો કરાવે છે.

'અભિમન્યુ આખ્યાન'માં 'પરકાયા પ્રવેશ'નું કથાઘટક આલેખન પામ્યું છે. કૃષ્ણ કપટપૂર્વક અહિલોચનને પેટીમાં પુરી દે છે. જેથી અહિલોચન પેટીમાં જ મૃત્યુ પામે છે. પેટીમાં અહિલોચનનો આત્મા રહી જાય છે જેણી જાણ કૃષ્ણને નથી થતી. કૃષ્ણ એ પેટી સુભદ્રાને સોંપે છે. પરંતુ ભાભીઓના કહેવાથી સુભદ્રા એ પેટીને ખોલે છે. એ વખતે સુભદ્રા ગર્ભવતી હોય છે. જેવી સુભદ્રા પેટી ખોલે છે ત્યારે અહિલોચનનો આત્મા સુભદ્રાના ગર્ભમાં પ્રવેશીને તેની સમગ્ર ચેતનાતંત્ર પર કાબુ મેળવી લે છે. તે સુભદ્રાના ગર્ભને જન્મવા દેતો નથી.

'રામાયણ'માં ઇલ અને ઐલ બે ભાઇઓની કથા આલેખાઇ છે. આ બન્ને ભાઇઓ રાક્ષસીવૃત્તી ધરાવે છે. બન્ને ભાઇઓ જંગલમાં રહેતા હોવાથી રસ્તામાંથી પસાર થતાં વટેમાર્ગુઓને પાસે બોલાવી તેમને રાંધીને જમાડતાં. આ બે ભાઇઓમાંથી એક ભાઇ ખાદ્યપદાર્થમાં પોતાની જાતને રૂપાંતર કરતો. જ્યારે બીજો ભાઇ રાહદારીના દેહમાં ખાદ્યપદાર્થરૂપે પ્રવેશેલા ભાઇને બૂમ પાડતો. આથી એ ભાઇ વટેમાર્ગુનુ પેટ ચીરીને બહાર આવી જતો. અને વટેમાર્ગુ પાસે જે કંઇ વસ્તુઓ હોય તે બન્ને લઇ લેતા.

'મહાભારત'માં દેવશર્મા નામનાં ઋષિના કથાનકમાં 'પરકાયા પ્રવેશ'નું કથાઘટક પ્રયોજાયું છે. દેવશર્માને રુચિ નામની સુંદર પત્ની હતી. રુચિ અનુપમ સૌંદર્ય ધરાવતી હતી. તેનાં સૌંદર્યને પામવા દેવો, ગાંધર્વો અને અસૂરો તૈયાર હતા. ઋષિ આ વાતને સારી રીતે જાણતો હતો. એક દિવસ ઋષિને યજ્ઞકાર્ય માટે બહાર જવાનું થયું. આ બાજુ પત્નીને એકલી મૂકાય એમ ન હતુ. આથી ઋષિ શિષ્યને પત્નીની શીલરક્ષાનું કાર્ય સોંપી યજ્ઞકર્મ માટે જાય છે. આ

બાજુ ઋષિ નિકળતાં જ ઈન્દ્ર ઋષિ પત્ની રુચિ પાસે પ્રેમયાચના કરવાં આવે છે. એ જ સમયે ઋષિ શિષ્યએ રુચિના ચિત્તમાં પ્રવેશ કરી તેના સમગ્ર ચેતનાતંત્ર પર કાબુ મેળવી લે છે.

'ગરુડ-ગરુડી'ની કથામાં રાજા ગરુડને ગરુડીના બચ્ચા સોંપી દે છે. જેથી ગરુડી નદી પર જઇને મરી જાય છે. એક દિવસ સુથારની પત્ની નદી કિનારે આવે છે. તે ગરુડીનો દેહ જૂએ છે. સુથારની પત્ની લાકડી વડે ગરુડીના દેહને ઉડાડે છે. તેમાંથી ગરુડીનો આત્મા નીકળી સુથારની પત્નીમાં પ્રવેશે છે. સુથારની પત્ની ગર્ભવતી બને છે ને કન્યાને જન્મ આપે છે.

અજ્ઞાત કવિરચિત 'પંચદંડની વાર્તા'માં 'પરકાયા પ્રવેશ'નું કથાઘટક પ્રયોજાયું છે. રાજા ભોજે એકવાર પ્રજાને રંજાડતા ચોરને પકડીને તેનાં નાક-કાન કાપીને તેને નગરમાંથી કાઢી મૂક્યો. તે રાજા સાથે બદલો લેવા માટે 'પરકાયા પ્રવેશ'ની વિદ્યા મેળવી યોગી તરીકે નગરમાં આવ્યો. આ વાતની ખબર ભોજને પડે છે. ભોજે પણ એ વિદ્યા શીખવાની ઈચ્છા પ્રગટ કરી. યોગીએ તેને સુડાના દેહમાં પ્રવેશ કરવાં કહ્યું. રાજા સૂડાના દેહમાં પ્રવેશ કરે છે અને યોગી રાજાના દેહમાં પ્રવેશે છે.

'ઉપકોશા'ની કથામાં 'પરકાયા પ્રવેશ'નું કથાઘટક આલેખન પામ્યું છે. વરરુચિ, ઈન્દ્રદત્ત અને વ્યાડી એ ત્રણ શિષ્યોએ ગુરુને દક્ષિણા માંગવાનું કહ્યું. તેથી ગુરુએ સોના મહોર માંગી. ત્રણેય સહાધ્યાયીઓ અયોધ્યામાં રહેલા નંદ રાજાના કટક પાસે ગયા. ત્યાં તેઓ પહોંચ્યા તો રાજા મરી ગયો હતો. તે સમયે યોગસિદ્ધિવાળા ઈન્દ્રદત્તે કહ્યું : પ્રાણરહિત આ રાજાના શરીરમાં હું પેસું અને વરરુચિ મારી પાસે આવી માગે એટલે હું તેને સોનામહોર આપીશ-હું પાછો જ્યાં લગી આવું નહિ ત્યાં સુધી વ્યાડી મારા શરીરની રક્ષા કરે. એમ સલાહ કરીને ઈન્દ્રદત્ત નંદરાજાના મૃત શરીરમાં પેઠો. રાજા જીવીત થતાં સૌ આનંદ મનાવવા લાગ્યા.

પ્રેમાનંદની વિવિધ આખ્યાનોની કથાસામગ્રી અત્યંત સમૃદ્ધ અને પ્રૌરાણિક છે. એથી એમની કથાઓમાં પ્રયોજાયેલાં કથાઘટકો વેદો, પુરાણોથી માંડીને છેક પ્રાચીન-મધ્યકાલીન અનેક કથાઓ અને લોકકથાઓમાં એક યા બીજી રીતે નિરૂપાયેલાં પ્રાપ્ત થાય છે. આ પ્રકરણમાં આ જુદાં-જુદાં કથાઘટકોનો વિવરણાત્મક, તુલનાત્મક અને સામ્યમૂલક અભ્યાસ કરવાનું લક્ષ્ય છે.

પ્રકરણ : ચાર

પ્રેમાનંદની આખ્યાનકૃતિઓ કથાસાહિત્ય અને કથાસંરચનાની દ્દષ્ટિએ ખૂબ જ અગત્યનાં છે. અહીં પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં કથાઘટકોની કાર્યસાધકતા તપાસવાનો પ્રયત્ન છે. આ સૌમાં 'નળાખ્યાન'નાં કથાઘટકો જોઇએ :

'નળ-દમયંતી'ની કથાના મૂળ 'મહાભારત'નાં 'નલોપાખ્યાન'નાં 'વનપર્વ'નાં ૫૦ થી ૭૮ અધ્યાયમાં પ્રાપ્ત થાય છે. 'મહાભારત'નાં અન્ય ઉપાખ્યાનોની જેમ 'નળકથા' પણ ખૂબ જ લોકપ્રિય રહી છે. સંસ્કૃત સાહિત્યમાં 'નૈષધીયચરિત'માં નળકથાનું આલેખન થયેલુ જોવાં મળે છે.

મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં 'નળ-દમયંતિ'નું કથાનક રાસ, ચંપૂ, આખ્યાન, પ્રબંધ, ચોપાઇ, ગીત જેવાં સ્વરૂપોમાં આલેખાયું છે. પ્રેમાનંદે 'નળાખ્યાન'ની કથાને આખ્યાન સ્વરૂપમાં આલેખી છે. તેમણે આરંભમાં મંગલાચરણ કરી, કથાવસ્તુનો નિર્દેશ આપી કથાનકને વેગ પૂર્વક આલેખ્યું છે. જેમ જેમ કથા વિકસે છે તેમ તેમ તેની કથાસંરચનામાં, પાત્રચિત્રણમાં, રસનિરૂપણમાં, વર્ણન-રીતિમાં કેટલાંક વિકાસ સાધનારા મહત્ત્વનાં કથાઘટકો અગત્યની ભૂમિકા ભજવે છે.

'નળાખ્યાન'માં અનુરાગ બીજનો ઉદ્‌ગમ, દૂતકર્મ, પસંદગીના વરની પ્રાપ્તિ, રૂપધારણ, પરકાયા પ્રવેશ, દેશવટો, રૂપપરિવર્તન, ચોરીનું આળ, પ્રિયજનનાં મેળાપની યુક્તિ અને કસોટી જેવાં મહત્ત્વનાં કથાઘટકો પ્રાપ્ત થાય છે. આ કથાઘટકોમાંથી 'દૂતકર્મ'નાં કથાઘટક વિશે વિગતે વાત કરીએ.

દૂતકર્મ – હંસદૂત :

'નળાખ્યાન'માં 'દૂતકર્મ'ની ભૂમિકા હંસ ભજવે છે, હંસ નળનું દૂતકર્મ કરે છે. દમયંતીનાં પ્રેમમાં આશક્ત બનેલો નળ માનસરોવર પાસે જાય છે. ત્યાં સુવર્ણ શરીરવાળાં અદ્દભુત હંસના દર્શન કરે છે. આવા અદ્દભુત હંસને નળ મહેલમાં લઇ આવે છે. એક દિવસ દમયંતીનાં પ્રેમમાં આશક્ત બનેલો નળ હંસને પોતાનાં હૃદયની વ્યથા કહે છે. જેથી હંસ એક માસનો વાયદો કરીને વિદર્ભ પહોંચે છે. ત્યાં હંસ દમયંતી પાસે જઇ નળની પ્રશંસા કરે છે :

*" હંસ ભણે : હો ભામિની ! બ્રહ્મમાંડ ત્રણ જોયાં સહી,*
*પણ નળની જોડે મેળવું, મહીતળમાં તુલના કો નહિ "*

( કડવું : ૧૨, પંકિત : ૧)

હંસ દમયંતી પાસે આવી નળની પ્રશંસા કરે છે. દમયંતી નળની પ્રશંસા સાંભળીને નળ પ્રત્યે આકર્ષણ અનુભવે છે. હંસ ચાલાક છે. પોતે અહી શું કાર્ય કરવાં આવ્યો છે તે સુમેરે જાણે છે. આથી તે દમયંતીને કહે છે :

*" હંસ ભણે : હો બહેન માહારી ! ભીમક - રાજકુમારી !*

*નિશ્ચે નળને પરણાવું, બાઈ ! મુઝને દયા આવે તાહારી.*

*અમો મળ્યાને પ્રાણ રે આપું, પૂરું મનની આશ,*

*તાહરો મોહ લગાડું નળને નાખી ઊંચા – નીચા પાશ "*

(કડવું : ૧૩, પંક્તિ : ૧,૨)

હંસ સ્વામીભકત છે. સૌ પ્રથમ તે દમયંતીના રૂપનાં ગર્વને હણવાનું કાર્ય કરે છે. ત્યારબાદ દમયંતીને નળની માયા લગાવે છે. તેને નળ તરફ આકર્ષે છે. નળનાં સૌંદર્યથી પ્રભાવિત થયેલી દમયંતી હંસને અનેક વિનંતી કરે છે કે નળને પોતાની સાથે પરણાવે. આમ, કરીને હંસે પોતાના સ્વામીનાં ગૌરવને ક્યાંય હણવાં દીધુ નથી. વળી, દમયંતીને સહેજ માત્ર શંકા ન જાય કે હંસ નળનો પ્રેરાયો અહીં આવ્યો છે એ રીતે ખૂબીપૂર્વક પોતાનું 'દૂતકર્મ' કરે છે. હંસ પોતે જે ઉદ્દેશથી દમયંતી પાસે આવ્યો હતો તેને પૂર્ણ કરે છે. જેમ નળ દમયંતી તરફ આકર્ષણ અનુભવે છે તેમ દમયંતીને પણ નળની માયા લગાવે છે. 'દૂતકર્મ'નું આ કથાઘટક સમગ્ર કથાના કલેવરમાં મહત્ત્વની ભૂમિકા ભજવી જાય છે. આ કથાઘટક નળ-દમયંતીના મિલનની પરિપાટી રચી આપે છે. વળી, દમયંતીના સ્વયંવર માટે આ કથાઘટક મહત્ત્વનું બનવાનું છે. કેમકે દમયંતી નળનાં વિરહમાં વ્યાકૂળ બને છે. તેનાં શરીરમાં અનલ ઉદ્દભવે છે. જેથી માતા દમયંતીની આ દશા જોઇને ચિંતા અનુભવે છે. તે પિતાને દમયંતીનો સ્વયંવર યોજવાનું કહે છે. આમ 'દૂતકર્મ'નું આ કથાઘટક 'નળાખ્યાન'ની કથાસંરચનામાં, નળ અને દમયંતીનાં મિલનમાં, દમયંતીનાં સ્વયંવરમાં મહત્ત્વનું પરિબળ બને છે.

પ્રકરણ : પાંચ

આ પ્રકરણમાં પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકોનાં અભ્યાસમાંથી નિષ્કર્ષો અને તારણો તારવ્યા છે. પ્રેમાનંદ એક જ કથાઘટકને જુદી જુદી રીતે પ્રયોજવામાં પણ નિપુણ છે. જેમકે 'પ્રિયજનનાં મેળાપની યુક્તિ'નું કથાઘટક બે આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયું છે. 'ઓખાહરણ' અને 'નળાખ્યાન'.

'ઓખાહરણ'માં 'પ્રિયજનનું મિલન' 'ચિત્રપટ પર પ્રયોજાયેલાં ચિત્રો વડે' થાય છે. આ ચિત્રપટ વડે સ્વપ્નમાં જોયેલાં સ્વામીનું મિલન વાસ્તવિક બને છે. તો'નળાખ્યાન'માં પણ 'પ્રિયજનનાં મેળાપની યુક્તિ'નું કથાઘટક પ્રાપ્ત થાય છે. તેમાં પોતાનાં જ જીવનની ગાથાઓ સાંભળીને 'પ્રિયજનનું મિલન' શક્ય બને છે.

પ્રેમાનંદનાં કથાઘટકોનો અભ્યાસ આખ્યાન સ્વરૂપ સંદર્ભે કરવાનો હોવાથી આખ્યાન સ્વરૂપની વિશેષતાઓ-મર્યાદાઓનો પ્રભાવ આ કથાઘટકો પર પડ્યો છે કે નહિ તે પણ અભ્યાસનો વિષય છે. આખ્યાન એ ગાઇ-સંભળાવીને ભજવવાની પ્રત્યક્ષ કથનકળા છે. પ્રત્યક્ષ કથનકળા એ પ્રેમાનંદની કથાઓમાં પ્રયોજાયેલાં કથાઘટકોનો મૂળ ગૂણ છે. આ પ્રત્યક્ષીકરણનાં ગૂણનાં કારણે જ આ કથાઘટકો રસપ્રદ લાગ્યાં છે. વળી, આખ્યાનમાં લોકપ્રચલિત પદ્યવાર્તાઓની જેમ આરંભ અને અંત હોય છે. ઘટનાઓનું ક્રમિક આલેખન થતું હોય છે. જેથી લોકપ્રચલિત પદ્યવાર્તાઓની જેમ જ

આખ્યાનમાં પ્રયોજાયેલાં કથાઘટકોની ગોઠવણી પણ ક્રમિક, સુવ્યવસ્થિત અને આંતરિક રીતે જોડાયેલી હોય છે. પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકો એકબીજા સાથે એવી રીતે ગૂંથાયા છે કે જેનાં કારણે એક અખંડ કથાનો અનુભવ કરાવે છે.

આ રીતે પ્રેમાનંદની આખ્યાન કથાઓમાં પ્રયોજાયેલાં કથાઘટકો કથાકાર્યને વેગ આપે છે, કથાનો વિકાસ સાધે છે, અને કથાકાર્યમાં ચાલકબળ બનીને કાર્યસાધક ભૂમિકા ભજવે છે.

પરિશિષ્ટ : એક : પ્રેમાનંદનો પ્રતિભાવિશેષ-એક અવલોકન

પરિશિષ્ટ : બે : લોકકથાનાં મૂળ અને કૂળમાંથી પસંદગીનાં કથાઘટકોનો અભ્યાસ

પરિશિષ્ટ : ત્રણ : પાઠસંપાદનની સમસ્યાઓ

પરિશિષ્ટ : ચાર : કથાઘટક સૂચિ

પરિશિષ્ટ : પાંચ : વ્યક્તિનામ સૂચિ

પરિશિષ્ટ : છ : કૃતિસૂચિ

Statement of original research work

આ સંશોધન માટે સ્વીકારેલો વિષય : 'પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકોની કાર્યસાધકતા – એક સમીક્ષાત્મક અભ્યાસ' છે. પ્રેમાનંદની આખ્યાન કથાઓની કથાસામગ્રી સંશોધનની અનેક દિશાઓ ખોલી આપે છે. પ્રેમાનંદનાં કથાનકોનું કથાવસ્તુ પુરાણો, રામાયણ-મહાભારત, ભાગવત અને નરસિંહનાં જીવનચરિત્ર પર આધારિત છે. તેમની આખ્યાનકૃતિઓનો અભ્યાસ કરતા ધ્યાનમાં આવ્યું કે એમાં ઘણાં કથાઘટકો પ્રયોજાયા છે. આ કથાઘટકો રસિક અને સૌંદર્યવાન છે. એમાં લોકસમૂહને ઊંડો રસ પડે એવું આકર્ષણ રહેલું છે. આ કારણે આ કથાઘટકો લોકપ્રિય અને વિશિષ્ટ બન્યા છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સંશોધનની અનેક શક્યતાઓ રહેલી હોય છે. આપણે ત્યાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં અનેક સંશોધનો થયા છે જેમકે કર્તાલક્ષી, કૃતિલક્ષી, પાઠસંપાદનની સમસ્યાઓ, સમયનિર્ણયની સમસ્યાઓ વગેરેમાં મૂળ સ્રોત સાથે તેની તુલના કરી કવિનો જીવનસંદર્ભ કે પછી કવિની અન્યકૃતિઓ અને જે તે કૃતિનો મૂળ પાઠ આપવામાં આવે છે, કે પછી કથાઘટકોને જુદા જુદા ખાણાઓમાં મૂકીને જે સંશોધનો થતાં આવ્યા છે એ પ્રકારનું રૂઢિગત કાર્ય પણ નથી કર્યુ. આ પ્રકારનાં અનેક સંશોધનો આપણી મહાશાળાઓમાં ને આસપાસનાં વાતાવરણમાં તૈયાર થયેલાં જાવા મળે છે. પ્રસ્તુત સંશોધનમાં પ્રેમાનંદનો જીવનસંદર્ભ કે તેમની કૃતિઓ વિશે જે રૂઢ અભ્યાસો પ્રાપ્ત થાય છે તે અહીં આપ્યો નથી.

મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં આખ્યાન સિવાય પદ્યવાર્તા, રાસ, પવાડો, ફાગુ જેવી કથનાત્મકકૃતિઓ પ્રાપ્ત થાય છે. આ કથનાત્મકકૃતિઓમાં વિવિધ કથાઘટકો પ્રયોજાયાં છે. જેમાંથી પસંદગીનાં કથાઘટકોની મધ્યકાલીન કથાસાહિત્ય સંદર્ભે તારવણી કરી છે. ઉદા. તરીકે 'અનુરાગબીજનાં ઉદ્દગમ'નાં કથાઘટકમાં અનુરાગનો જન્મ ક્યા ક્યા નિમિત્તો આલેખાયા હોય છે. કેમકે મૃગયા નિમિત્તે, સૌંદર્ય-ગુણ શ્રવણ નિમિત્તે, સ્વપ્નદર્શન નિમિત્તે અનુરાગનાં

બીજ રોપાતા હોય છે. મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્યમાં આ કથાઘટક કઈ કઈ કથાઓમાં પ્રાપ્ત થાય છે તે શક્ય એટલીં કથાઓમાં તપાસવાનો ક્રમ રાખ્યો છે.

આપણે ત્યાં પ્રેમાનંદની આખ્યાનકૃતિઓનાં અનેક અભ્યાસો થતાં આવ્યાં છે. પરંતુ, તેમની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકોનો સઘન અને સર્વાંગી અભ્યાસ હજી સુધી થયો નથી. પ્રસ્તુત સંશોધનમાં પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકોની કાર્યસાધકતા જેવાં મહત્ત્વનાં પાસા પર અભ્યાસ કેન્દ્રિત કર્યો છે. આ સંશોધનમાં પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકો સિવાય અન્ય કથાઓ જેમકે પુરાણકથા, રામાયણ-મહાભારત, જાતકકથાઓ, મધ્યકાલીન કથાઓ, અને લોકકથાઓમાંથી જે કથાઘટકો પ્રાપ્ત થયા છે તેની સમાંતરતા અને તુલના કરી છે. વળી મૂળ સ્રોત સાથે પણ પ્રેમાનંદનાં કથાઘટકોનો પણ અભ્યાસ કર્યો છે.

આમ, પ્રેમાનંદની આખ્યાનકૃતિઓમાં પ્રયોજાયેલાં કથાઘટકોની તારવણી, સમાંતરતા અને કાર્યસાધકતાનો અભ્યાસ અહી કર્યો છે. સંશોધનને અંતે મહત્ત્વનાં નિરીક્ષણો અને તારણો રજૂ કર્યા છે. એ દૃષ્ટિ આ સંશોધનકાર્ય મૌલિક છે. ગુજરાતી સંશોધનક્ષેત્રે આ ઉપક્રમ જો એક ડગલુંય માંડશે તો અત્યારથી જ નમ્રભાવે એનો રાજીપો વ્યક્ત કરું છું.